પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/કવા–૦૩/૧૮–૧૯/ 10346-1   તા. 28-11-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સીરાજભાઈ કાનજીભાઈ સમનાણી,
ગામ: ચિત્રાવડ (ગીર)
તા.તાલાલા (ગીર)
જી.ગીર – સોમનાથ
મો: ૯૯૨૪૬ ૬૯૨૫૩
Pin - 362 (362 150)

વિષય :–વીજપોલ પડી ગયેલ હોય – યોગ્ય કાર્યવાહી કરી અને વીજ જોડાણ ચાલુ કરવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૯–૧૦–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૧/કવા–૦૩/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,તાલાલા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૧/ક્વા–૦૩/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૧૬–૧૧–૧૮ સ્થળ : વેરાવળ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: સીરાજભાઈ કાનજીભાઈ સમનાણી, ગામ: ચિત્રાવડ (ગીર)**

**રજુઆત કરનાર: અરજદાર સીરાજભાઈ કાનજીભાઈ સમનાણી હાજર રહેલ છે.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,તાલાલા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)**

**રજુઆત કરનાર :ડી.વી.લાખાણી – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ**

## : હુકમ :

**ફરીયાદ : વીજપોલ પડી ગયેલ હોય – યોગ્ય કાર્યવાહી કરી અને વીજ જોડાણ ચાલુ કરવા બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની માતા ફાતીમાબેન કાનજીભાઈ સમનાણી, ગામ:ચિત્રાવડ (ગીર) ના નામે ગ્રાહક નં.– ૮૧૪૩૭/૦૦૪૧૬/૪ થી વીજજોડાણ વર્ષ–૨૦૦૬ થી સર્વે નંબર: ૨૯૨ મા આવેલ છે. આ જમીન માથી તેઓની ખેતીની જમીન મા પિયત માટે પાઈપ લાઈન આવે છે, જેના દ્વારા તેઓ પિયત કરે છે. આ જોડાણ માટે પાવર સપ્લાય અજીત દોસ્ત મામદ કોટડીયાના ખેતર મા આવેલ સબસ્ટેશન થી તેઓના ખેતર વચ્ચે ૧૧ કેવીના થાંભલા ઘણા સમય થી આવેલ છે. અજીત દોસ્ત મામદ કોટડીયા દ્વારા સદર જણાવેલ ૧૧ કેવીના થાંભલાઓને હેમીબેન નાથાભાઈ તથા નાથાભાઈ ભીખાભાઈ તથા તેઓના વારસદારો દ્વારા નુકશાન પહોચાડેલ છે. સરકારી જમીન મા પેશ કદમી હોવા છતા – તેઓ કાયદાનો દુર ઉપયોગ કરી અને ખેડુત અને બોર્ડ પાસે પૈસા પડાવવા અને બ્લેક મેલીગ કરવા માટે જાણી જોઈને થાંભલા ભાંગી નાખેલ છે. સદર બાબતે – પીજીવીસીએલ ની સ્થાનિક અધિકારી દ્વારા તાત્કાલીક પોલીસ ના બંદોબસ્ત સાથે રહી અને પોલ ઉભા કરી અને કાર્યવાહી કરેલ નથી કે – પોલ ને નુકશાન કરનાર સામે પોલીસ કેઈસ જાણી જોઈને કરેલ નથી. આમ, તેઓ પાવર સપ્લાય થી વંચીત રહેતા હોય – તેઓને ઘણીજ આર્થિક નુકશાની થતી હોય, સદર બાબતે – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફોરમ કમિટી મીટીંગ: તા. ૧૬–૧૧–૧૮ ના રોજ અરજદાર દ્વારા જણાવેલ કે ભાંગી ગયેલ વીજપોલ પીજીવીસીએલ દ્વારા ઉભા કરી અપાયેલ છે. પરંતુ, ટ્રાન્સફોર્મર ના જમ્પર જોડેલ ન હોય – પાવર સપ્લાય બંધ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી સિરાજભાઈ કાનજીભાઇ સમનાની, રહે. ચિત્રાવડ –તાલાળા દ્વારા તથા (૨) શ્રી નાથા ભીમા રાઠોડ, હેમીબેન નાથા રાઠોડ અને તેમના વારસદાર દ્વારા ૧૧ કેવી વિજ લાઇનનો વિજ પોલ ભાંગી નાખી તેમના વિજ કનેક્શનોમાં વિજ સપ્લાય બંધ હોવાની ફરીયાદ કરેલ જેના અનુસંધાને તાલાળા પે.વિ.કચેરી દ્વારા અરજદાર ની રજુઆત મુજબ – વીજપોલ ભાંગી નાખનાર શ્રી નાથા ભીમા રાઠોડ મુ.સાંગોદરાગીર ને પત્ર તા. ૧૨.૧૦.૨૦૧૮ના રજીસ્ટર્ડ ટપાલ દ્વારા સદર તકરાર નુ નિરાકરણ કરવા જણાવેલ અન્યથા કંપની ના નિયમ મુજબ કાર્યવાહી કરવામા આવશે. પરંતુ, વાંધેદાર શ્રી નાથા ભીમાભાઈ રાઠોડ નો કોઈ પ્રત્યુતર નાં મળતાં તાલાળા પે.વિ.કચેરી દ્વારા તા. ૧૯.૧૦.૨૦૧૮ થી શ્રી પોલીસ સબ ઈન્સ્પેકટર તાલાલાને સદર બાબતની જાણ કરેલ અને ત્યારબાદ તા. ૨૫.૧૦.૨૦૧૮નાં રોજ |

| | |
|---|---|
| | એફઆઇઆર નં - ll/૮૧/૨૦૧૮ મુજબ વાંધેદારો વિરુધ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવેલ છે અને તા. ૨૬.૧૦.૨૦૧૮નાં રોજ સવારનાં આશરે ૧૦:૩૦ કલાકે સદર ભાંગી ગયેલ વિજ પોલ ઊભો કરી સદર બંધ ૧૧ કેવી વિજ લાઇનમાં વિજ સપ્લાય શરૂ કરવામાં આવેલ છે. |
| **૨.૨** | **અરજદાર ની રજુઆત મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતે – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ દ્વારા સબંધક પીજીવીસીએલ ની કચેરી માં નાયબ ઈજનેર ને ફરીથી સ્થળ તપાસ કરીને પાવર સપ્લાય ચાલુ છે કે કેમ – તેની ખરાઈ કરવાની સુચના આપેલ છે.** |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, અરજદાર તેઓની માતા ફાતીમાબેન કાનજીભાઈ સમનાણી, ગામ:ચિત્રાવડ (ગીર) ના નામે ગ્રાહક નં.– ૮૧૪૩૭/૦૦૪૧૬/૪ ખેતીવાડી વીજજોડાણ વર્ષ–૨૦૦૬ થી સર્વે નંબર: ૨૯૨ મા આવેલ છે. સદર વીજજોડાણ માટે ના ૧૧ કેવીના થાંભલાઓને હેમીબેન નાથાભાઈ તથા નાથાભાઈ ભીખાભાઈ તથા તેઓના વારસદારો દ્વારા નુકશાન પહોચાડેલ છે, જે ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે – તાલાળા પે.વિ.કચેરી દ્વારા તા. ૧૯.૧૦.૨૦૧૮ થી શ્રી પોલીસ સબ ઈન્સ્પેકટર તાલાલાને સદર બાબતની જાણ કરેલ અને ત્યારબાદ તા. ૨૫.૧૦.૨૦૧૮નાં રોજ એફઆઇઆર નં - ll/૮૧/૨૦૧૮ મુજબ વાંધેદારો વિરુધ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવેલ છે અને તા. ૨૬.૧૦.૨૦૧૮નાં રોજ સવારનાં આશરે ૧૦:૩૦ કલાકે સદર ભાંગી ગયેલ વિજ પોલ ઊભો કરી સદર બંધ ૧૧ કેવી વિજ લાઇનમાં વિજ સપ્લાય શરૂ કરવામાં આવેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે, જે બાબતે ની જાણકારી બન્ને પક્ષકારો સબબ નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.